# 2nd Foreign Office Consultations between India and Dominican Republic

**July 02,2022**

# ભારત અને ડોમિનિકન ગણરાજ્ય વચ્ચે 2જા વિદેશ કચેરીનાં પરામર્શો

જુલાઈ 02, 2022

ભારત અને ડોમિનિકન ગણરાજ્ય વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શોનો બીજો રાઉન્ડ સાન્ટો ડોમિન્ગોમાં 01 જુલાઈ 2022 નાં રોજ યોજવામાં આવ્યો હતો. ભારતીય પક્ષની આગેવાની સચિવ (પૂર્વ) શ્રી સૌરભ કુમાર દ્વારા કરવામાં આવી હતી અને ડોમિનિકન ગણરાજ્યની આગેવાની ઉપ વિદેશ મંત્રી રાજદૂત જોસે જુલિયો ગોમેઝ દ્વારા કરવામાં આવી હતી.

2. આ પરામર્શોમાં રાજકીય, વ્યાપાર અને રોકાણ, અવકાશ સહિત વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ક્ષમતા નિર્માણ અને સહકાર, સાયબર સુરક્ષા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઉચ્ચ શિક્ષણ અને સાંસ્કૃતિક સંબંધો સહિત દ્વિપક્ષીય સંબંધોનાં સમગ્ર પાસાઓની સમીક્ષા કરવામાં આવી હતી. સંયુક્ત રાષ્ટ્ર, ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) અને કોલિશન ફૉર ડિઝાસ્ટપ રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI) માં સહકાર સહિત બહુપક્ષીય અને પ્રાંતિય મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.

3. સચિવ (પૂર્વ) દ્વારા વિદેશ મંત્રી રોબેર્ટો અલ્વારેઝની મુલાકાત કરવામાં આવી હતી અને દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવા પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું.

4. આ ચર્ચાઓ દરમિયાન, યજમાન દેશ દ્વારા 01 જાન્યુઆરી 2022 માં સાન્ટો ડોમિન્ગોમાં ભારતનાં નિવાસી મિશનની સ્થાપનાની પ્રશંસા કરવામાં આવી હતી. બન્ને પક્ષોએ 100% કરતા વધારે વૃદ્ધિ પામીને 1 બિલીયન યુએસ ડોલર સિમાચિહ્ન પર પહોંચેલા વ્યાપારનાં વિસ્તરણ સહિત સંબંધો વધારે ગહન કરવાની સંભાવનાનો સ્વિકાર કર્યો હતો. ભારત ડોમિનિક ગણરાજ્યનો ચૌથો સૌથી મોટો વ્યાપાર ભાગીદાર દેશ છે.

5. આ પરામર્શો મૈત્રીપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવ્યા હતા. બન્ને પક્ષો નવી દિલ્હીમાં પરસ્પર સાનુકૂળ તારીખ પર પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

**સાન્ટો ડોમિન્ગો**
**જુલાઈ 01, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.